# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

**પરિપત્ર :-**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી / ગ્રાન્ટ ઈન એઈડ / સેલ્ફ ફાઈનાન્સ કોલેજો/ માન્ય સંસ્થાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, ગુજરાત સરકાર ધ્વારા ધોરણ-૧૨ની માન્ય બોર્ડની વર્ષ:૨૦૧૭ની પરીક્ષામાં પાસ અને ગુજરાત રાજ્યમાં માન્ય યુનિવર્સિટીમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં શૈક્ષણિક વર્ષ:૨૦૧૭-૨૦૧૮માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે રૂ.૧,૦૦૦ના ટોકન દરે ટેબલેટ આપવાની મહત્વની યોજના અમલમાં મુકેલ છે. આ યોજના અંતર્ગત ધોરણ-૧૨ પાસ અને ગુજરાત રાજ્યમાં માન્ય યુનિવર્સિટીમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં શૈક્ષણિક વર્ષ:૨૦૧૭-૨૦૧૮માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને ટેબલેટ સરળતાથી મળી રહે તે માટે આપની સંસ્થા ધ્વારા ટેબલેટ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ પાસેથી ટોકન રૂ.૧,૦૦૦ મેળવી સંસ્થાદીઠ વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરવા તથા વિદ્યાર્થીઓની સંખ્યા સુનિશ્ચિત કરવા સત્વરે વ્યવસ્થા કરવા વિનંતી છે.

વધુમાં જણાવવાનું કે આપની સંસ્થા કક્ષાએથી વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહે છે તેમજ સંસ્થા ધ્વારા વિદ્યાર્થીને રૂ.૧,૦૦૦ ટોકન ફી ભર્યા અંગેની પહોંચ આપવાની રહેશે. રૂ.૧,૦૦૦ના ટોકન દરથી રજીસ્ટ્રેશન કરાવેલ તમામ વિદ્યાર્થીઓને ટેબલેટનું વિતરણ કરવામાં આવશે. ટેબલેટ યોજના અંતર્ગત તૈયાર થઈ રહેલ વેબપોર્ટલ ઉપર અપડેટ કરવાની વ્યવસ્થા પણ કરવાની રહેશે. જેનો ફ્લોચાર્ટ આ સાથે સામેલ છે.

આ યોજનાનો હેતુ ધોરણ-૧૨ પછી ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ ટેબલેટ જેવી અદ્યતન સુવિધાથી કેમ્પસ એરિયા નેટવર્ક / વાઈ-ફાઈ કનેક્ટિવિટી મારફત ઈન્ટરનેટ સુવિધાનો મહત્તમ ઉપયોગ કરી શૈક્ષણિક ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરે તે માટેનો છે. ઉપરોક્ત યોજનામાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જિલ્લાની તમામ કોલેજો/સંસ્થાઓએ વિદ્યાર્થીઓને પુરતી માહિતી/માર્ગદર્શન આપવાના રહેશે તેમજ આ મહત્વપૂર્ણ યોજનામાં કોઈપણ વિદ્યાર્થી રજીસ્ટ્રેશન કરવાથી વંચિત ના રહે તે અંગે કાર્યવાહી કરવાની રહેશે. આપને વિદ્યાર્થીઓની સંખ્યા સુનિશ્ચિત કરી ટેબલેટ વિતરણના પ્રથમ તબક્કાનું સત્વરે આયોજન કરવા અનુરોધ છે.

For, કુલસચિવ

ક્રમાંક:બી.કેએનએમયુ/જોડાણ/૩૩૧૪/૨૦૧૭
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
બિલખા રોડ, ખડીયા, જુનાગઢ.
તા:૦૭/૦૭/૨૦૧૭

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ તરફ .....

**નકલ સાદર રવાના :**
(૧) માનનીય કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :**
૧) એકેડેમિક વિભાગ
૨) કમ્પ્યુટર સેન્ટર-વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ થવા અર્થે.....

# Institute Login on Digital Gujarat Portal

